## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



અમારી પ્રાથમિક્તા દેશવાસીઓને માસ્કથી સ્વતંત્રતા અપાવવાનું છે..!!



સીઝનલ વ્યવસાય કરતા લોકો માટે સ્વાતંત્ર્ય દિનની ઉજવણી એક નવો પ્રસંગ બનીને આવી છે. સર્કલો પર અને જાહેર સ્થળોએ હાથલારી પર કે સાઈકલ પર રાષ્ટ્રધ્વજનું વેચાણ થઈ રહ્યુ છે. આઝાદીના ઉમળકામાં કે આવા નાના ફેરીયાઓને મદદ કરવા આપણે રાષ્ટ્રધ્વજ ખરીદીએ છીએ પરંતુ આપણે તેનુ માન ખરેખર જાળવી શકીએ છીએ..? સ્વાતંત્ર્યદિન પુરો થાય એટલે આપણુ ગૌરવ આપણો રાષ્ટ્રધ્વજ રસ્તા પર પડેલો જોવા મળે છે. ઉમળકો સારો છે પરંતુ રાષ્ટ્રધ્વજનું પુરેપુરૂ માન જળવાય તે પણ એટલુ જ જરૂરી છે.

## ખૂણેખાંચરેથી

- આઝાદી કા અમૃત મહોત્સવ પર્વની ઉજવણીના ભાગરૂપે આજે રાયસણ ખાતે યોજાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમમાં જુનિ. કે.જી. અંગ્રેજી માધ્યમના શિક્ષકોએ એક લઘુ નાટિકા અને શૌર્ય નૃત્ય દર્શાવી સૌના દિલ જીત્યા હતા.
- ગાંધીનગર શહેરમાં કોરોના પછી સીરો સર્વેની કામગીરી ચાલી રહી છે જે મંગળવાર સુધી ચાલશે.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.
- ગાંધીનગર શહેરમાં રખડતા પશુઓની સમસ્યા વચ્ચે સ્ટ્રીટલાઈટ બંધ રહેતી હોવાથી રાત્રિના સમયે વાહનચાલકોને તકલીફ પડી રહી છે.
- જિલ્લા પંચાયત પ્રમુખ દિલીપભાઈ પટેલે આજે મનપાના વન મહોત્સવમાં અધ્યક્ષીય પ્રવચન ન આપી નવો ચીલો ચાતર્યો છે.
- ગાંધીનગર શહેરમાં સ્ટેમ્પનું ફ્રેન્કીંગને લઈ લોકોને ભારે તકલીફો પડી રહી હોવાની ફરિયાદો ઉઠવા પામી છે.
- ખાંડના ભાવમાં પણ વધારો થતાં નગરની ગૃહીણીઓની મુશ્કેલી વધવા પામી છે.
- વાહકજન્ય રોગચાળાના કેસો વધતાં તંત્રની ચિંતામાં વધારો થયો છે.

# ખડાત ગામે ખેતરમાંથી દારૂ બિયરનો જથ્થો ઝડપાયો

**દારૂ-બિયરના ટીન નંગ-૧૭૭ કિ.રૂ.૨૫,૯૪૦નો મુદ્દામાલ કબ્જે કર્યો**

કોમ્બીંગ નાઈટ દરમિયાન એલસીબી પોલીસે માણસા તાલુકાના ખડાત ગામે ખેતરમાં દાટી રાખેલો વિદેશી દારૂ બિયરનો જથ્થો પકડી પાડ્યો હતો. પોલીસે દારૂ-બિયર નંગ-૧૭૭ મળી કુલ રૂ.૨૫,૯૪૦ નો મુદ્દામાલ કબ્જે કરી આરોપી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

એલસીબી-૧ પીઆઈ જે.જી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ ટીમના પીએસઆઈ વી.કે.રાઠોડ તેમજ જવાનો પેટ્રોલીંગમા હતા તે સમયે પેથાપુર પાસે આવતા સાથે રહેલા ભવાનસિંહ પૃથ્વીસિંહને બાતમી મળી હતી કે ખડાત લક્ષ્મીપુરા ગામે જીવનજયોત વૃધ્ધાશ્રમ નજીક આશ્રમ ચોકડીથી મહુડી જવાના માર્ગ પર સંગ્રામસિંહ તલસિંહ રાઠોડ ઘરની આગળ ખુલ્લી જગ્યામાં દારુનો જથ્થો જમીનમાં દાટીને વેચાણ કરે છે. જેથી પોલીસે બાતમીવાળી જગ્યાએ જઈ રેઈડ કરીને ખેતરમાં દાટેલ દારુનો જથ્થો પકડી પાડ્યો હતો. પોલીસે દારૂ-બિયર નંગ-૧૭૭ મળી કુલ રૂ.૨૫, ૯૪૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો છે.જયારે આરોપી સંગ્રામસિંહ રાઠોડ હાજર મળી ન આવતા તેની સામે માણસા પોલીસ મથકે પ્રોહીએકટ મુજબ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## આદરજ મોટી વિસ્તારમાં રસીકરણનું મહા અભિયાન

પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર આદરજ મોટીની સેવામાં આવતા ગામોમાં કોરોના વિરોધી રસીકરણનું મહા અભિયાન યોજાયુ હતુ. જે લતા મેવાડા (મેડકલ ઓફિસર)ના નેતૃત્વ હેઠળ આયુષ મેડીકલ ઓફિસર, સુપરવાઈઝર, કોમ્યુનીટી હેલ્થ ઓફિસર, ફીમેલ હેલ્થ વર્કર, મલ્ટી પર્પસ હેલ્થ વર્કર, આશા બહેનો દ્વારા કુલ ૧૧૧૩ લાભાર્થીઓને રસીનો પ્રથમ ડોઝ તથા ૮૬ લાભાર્થીઓને બીજો ડોઝ આપી રક્ષીત કરાયા હતા.

# બોરીસણા પાસેથી ચોરીના બાઈક સાથે યુવક ઝડપાયો

ગાંધીનગર, તા.૧૪

સ્વતંત્રતા પર્વની ઉજવણીના ભાગરૂપે રાખવામાં આવેલી કોમ્બીંગ નાઈટ દરમિયાન બોરીસણા બસ સ્ટેન્ડ પાસેથી ચોરીના બાઈક સાથે યુવકને એલસીબી-૧ પોલીસે પકડી પાડી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ કોમ્બીંગ નાઈટ દરમિયાન એલસીબી-૧ પોલીસ મથકના પીઆઈ જે.જી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ સ્ટાફના કર્મચારીઓ કલોલ વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા તે દરમિયાન બાતમી મળી હતી કે એક શખ્સ હોન્ડા સાઈન નંબર પ્લેટ વિનાનું લઈને ખાત્રજ ચોકડીથી કલોલ તરફ આવી રહ્યો છે. જેથી એલસીબી પોલીસે બોરીસણા બસ સ્ટેન્ડ પાસે વોચ ગોઠવી હતી. તે દરમિયાન બાતમીવાળો શખ્સ બાઈક સાથે આવતા જ તેને પકડી લેવામાં આવ્યો હતો. યુવકને પુછતાછ કરતા તેણે પોતાનુ નામ સજ્જનસિંહ ઉર્ફે ચેતન છનુભા ઝાલા (રહે.દરબારવાસ ગામ-ધનપુરા કટોસણ તા.જોટાણા જિ.મહેસાણા) હોવાનું જણાવ્યું હતું. બાઈક અંગે પુછતા તેણે સંતોષકારક જવાબ ન આપતા પોલીસે ઉંડાણપૂર્વક પુછપરછ કરતા બાઈક એક મહિના પહેલા બપોરના સમયે જોટાણા બજારમાંથી ચોરી કરી હોવાની કબુલાત કરી હતી. પોલીસે એપ્લીકેશનની મદદથી તપાસ કરતા આ બાઈકનો નં.જી.જે.૦૨. ડી.એફ.૩૯૭૮ હોવાનું તેમજ બાઈક ચોરી અંગે સાંથલ પોલીસ મથકે ફરીયાદ પણ નોંધાઈ છે. જેથી પોલીસે રૂ.૩૦ હજારનું બાઈક કબ્જે કરી ઈસમની ધરપકડ કરી આગળની તપાસ હાથ ધરી છે.

## આગામી ૩ થી ૧૦ સપ્ટેમ્બર દરમિયાન કતલખાનાં બંધ રાખવા અનુરોધ

ગાંધીનગર, તા. ૧૪

જૈન સમાજના પવિત્ર પર્યુષણ તહેવાર દરમ્યાન રાજ્યની મહાનગરપાલિકા અને નગરપાલિકા વિસ્તારમાં આવેલા તમામ કતલખાનાઓને બંધ રાખવા રાજય સરકાર દ્વારા અનુરોધ કરાયો છે.

આગામી તા.૩ સપ્ટેમ્બર ૨૦૨૧ થી તા.૧૦ મી સપ્ટેમ્બર, ૨૦૨૧ દરમ્યાન પર્યુષણ પર્વ નિમિત્તે મહાનગર પાલિકા,નગરપાલિકા, વિસ્તારમાં આવેલા તમામ કતલખાના બંધ રાખવા અનુરોધ કરાયો છે.

# જિલ્લાકક્ષાના વન મહોત્સવની ઉજવણી રાયસણ ખાતે કરાઈ

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લા કક્ષાના ૭૨મા વન મહોત્સવ-૨૦૨૧ની ઉજવણી સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ઈશ્વરભાઈ પરમારના અધ્યક્ષ સ્થાને કરવામાં આવી હતી.



શ્રી લીંબજ માતાજી સેવા ટ્રસ્ટ, રાયસણ ખાતે યોજાયેલ કાર્યક્રમનું દીપ પ્રાગટય કરી સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ઈશ્વરભાઈ પરમારે જણાવ્યું હતું કે વનીકરણ કાર્યક્રમને સાર્થક કરવા માટે આપણે સૌએ વૃક્ષોનું જતન કરવું ખૂબ જરૂરી છે, તો જ આપણા સૌનું 'હરિયાળા ગુજરાત'નું સપનુ સાકાર થશે. સમગ્ર દેશમાં વૃક્ષો અંગેની જાગૃતિ લાવવા માટે અને વૃક્ષોની સંખ્યા વધારવા માટે વન મહોત્સવનો આરંભ ગુજરાતના સપૂત કનૈયાલાલ મુનશીએ વર્ષ-૧૯૫૦માં કરી હતી. રાજ્યના તત્કાલિન મુખ્યમંત્રી અને દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વર્ષ-૨૦૦૪થી વન મહોત્સવની ઉજવણીના ભાગરૂપે દર વર્ષે એક સાંસ્કૃતિક વન નિર્માણ કરવાનો સંકલ્પ કર્યો હતો. જેની ફળશ્રુતિરૂપે ગાંધીનગરના આંગણે પુનિત વન નિર્માણ થયું છે. આજે વલસાડ જિલ્લા ઉમરગામ તાલુકાના કલગામ ખાતે રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે વન મહોત્સવ નિમિત્તે સાંસ્કૃતિક વન મારુતિનંદનને ખુલ્લું મુક્યું છે.

ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય શંભુજી ઠાકોરે જણાવ્યું હતું કે આપણી સંસ્કૃતિમાં વૃક્ષનું જતન કરવું અને તેનું મહત્વ આપણને સમજાવવામાં આવ્યું છે. ગ્રીન ગાંધીનગર બનાવવા માટે સર્વે નાગરિકોને વૃક્ષારોપણ કરવાનું આહવાન કર્યું હતું.

ગાંધીનગર જિલ્લાના નાયબ વન સંરક્ષક એસ.એમ. ડામોરે મહાનુભાવનું શાબ્દિક સ્વાગત કરી જણાવ્યું હતું કે ગાંધીનગર જિલ્લામાં ૩૯૪ હેક્ટરમાં વનીકરણ કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો છે. જેમાં ૩ લાખ ૭૦ હજાર જેટલા વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે. ૭૨મા વન મહોત્સવ નિમિત્તે સમગ્ર જિલ્લામાં ૧૯ લાખ ૭૦ હજાર રોપાઓનું વિના મૂલ્ય વિતરણ કરવાનું લક્ષ્યાંક રાખવામાં આવ્યું છે. જેમાંથી ૧૨ લાખથી વધુ રોપાઓનું વિના મૂલ્ય વિતરણ થઈ ગયું છે. આગામી સમયમાં જિલ્લાના તમામ તાલુકાકક્ષાએ અને ૧૦૦ ગામોમાં વન મહોત્સવ કાર્યક્રમનું આયોજન કરી રોપાઓનું વાવેતર કરવામાં આવશે.

આ પ્રસંગે ગાંધીનગર જિલ્લા કલેકટર ડૉ. કુલદીપ આર્ય, જિલ્લા વિકાસ અધિકારી સુરભિ ગૌત્તમ, ગાંધીનગર પ્રાંત અધિકારી એસ.એમ. ભોરણિયા, લીંબજ માતાજી સેવા ટ્રસ્ટના ટ્રસ્ટી સહદેવ દેસાઈ સહિત ટ્રસ્ટી ગણ અને આમંત્રિત વ્યક્તિઓ ઉપસ્થિત રહ્યા હતા.

# એરપોર્ટ ટર્મિનલ તરફ જતા રોડની અત્યંત ખસ્તા હાલત

**એરપોર્ટ પર લોકોની અવરજવર હોય છે : કેન્ટોનમેન્ટ વિસ્તાર બાદ એરપોર્ટ સર્કલથી સરદાર પટેલની પ્રતિમા તરફ જવાનો માર્ગ હાલ ખાડાથી ભરેલો છે**

અમદાવાદ, તા.૧૪

અમદાવાદના સરદાર પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટનું સંચાલન કોર્પોરેટ ગૃપ અદાણીને સોંપાયા બાદથી સતત કોઈના કોઈ વિષયને લઈને વિવાદો સર્જાતા જ રહે છે. પછી તે શરૂઆતમાં નામકરણનો મામલો હોય, ટેક્સી પાર્કિંગના ચાર્જિસ હોય, કે પછી એરપોર્ટ પરિસરમાં જ ફૂડ સ્ટોલ શરૂ કરવાની બાબત હોય. આ વખતે એરપોર્ટ ટર્મિનલ તરફ જતા રોડની અત્યંત ખસ્તા હાલતનો મામલો છે.

અમદાવાદનું સરદાર પટેલ ઈન્ટનેશનલ એરપોર્ટ સરકારના હાથમાંથી ખાનગી હાથમાં ગયુ ત્યારથી જ વિવાદમાં રહેવા લાગ્યુ છે. કોર્પોરેટ જૂથ અદાણી દ્વારા અમદાવાદ એરપોર્ટનુ સંચાલન સંભાળવામાં આવ્યુ ત્યારથી કોઈનેકોઈ વિષયને લઈને વિવાદ સર્જાતા રહે છે.

અમદાવાદ એરપોર્ટ પર સામાન્ય લોકોની અવરજવર તો હોય છે પરંતુ સમયાંતરે રાજ્યના મુખ્ય સચિવથી લઈને અન્ય ઉચ્ચ અધિકારી કે પછી દિલ્હીથી આવતા કેન્દ્ર કરકારના મંત્રીઓ અને અધિકારીઓ પણ એરપોર્ટ પર આવ્યા બાદ મોટર માર્ગે ત્યાં રસ્તા પરથી પસાર થાય છે. ત્યારે એરપોર્ટના ડોમેસ્ટીક કે પછી ઈન્ટરનેશનલ ટર્મિનલ તરફ જવાના માર્ગની હાલત જુઓ, તો એમ થાય કે શું આ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ છે કે કોઈ નાનકડા શહેરમાં આવેલી હવાઈ પટ્ટી..??? કેન્ટોનમેન્ટ વિસ્તાર બાદ એરપોર્ટ સર્કલથી સરદાર પટેલની પ્રતિમા તરફ જવાનો માર્ગ હાલ ખાડાથી ભરેલો છે.

પોતાની વૈભવી ગાડીમાં એરપોર્ટ પર આવતા કે પછી અમદાવાદમાં પ્રવેશ મેળવતા કોઈપણ મુસાફરને આ ખાડા અને ઉખડી ગયેલી કપચી જોઈને તો તેઓ અમદાવાદના ઈન્ટરનેશનલ એરપોર્ટ પર આવ્યા હોય એવો અનુભવ નહી જ થતો હોય.હાલ તો કોર્પોરેટર ગૃપ અદાણીના એરપોર્ટ ઉપરાંત તેના કાર્યક્ષેત્રમાં આવતા વિસ્તારોના સંચાલનને લઈને મુસાફરોમાં રોષ જોવા મળી રહ્યો છે. ત્યારે જોવાનુ રહેશે કે ક્યાર સુધીમાં તેઓ ખસ્તા થઈ ગયેલા રોડનું રીપેરીંગ કરે છે.



ગાંધીનગર મહેશ્વરી સમાજ દ્વારા ઓલ ઈન્ડીયા ફેડરેશન ઓફ મહેશ્વરી સમાજના પ્રમુખ ગીરીશ એસ રાઢીનુ સન્માન કરવામાં આવ્યુ હતુ. આ તબક્કે મહેશ્વરી સમાજના અગ્રણી અશોકકુમાર ચાંડક. ચમનલાલ ભુતડા, જયપ્રકાશ કેલા, મનોજ ચાંડક તેમજ સમાજના સભ્યોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી.

# છેલ્લા ૨૪ કલાકમાં નવા કોરોનાના ૨૫ કેસ આવ્યા

રાજ્યમાં કોરોના તબક્કાવાર રીતે કાબુમાં આવી રહ્યો છે. રાજ્યમાં કોરોનાના નવા માત્ર ૨૫ કેસ જ નોંધાયા છે. તો બીજી તરફ ૧૮ દર્દીઓ સાજા પણ થઈ ચુક્યા છે. અત્યાર સુધીમાં ૮,૧૪,૯૦૩ દર્દીઓ કોરોનાને મ્હાત આપી ચુક્યા છે. રાજ્યમાં કોરોનાથી સાજા થવાનો દર પણ ઝડપથી સુધરી રહ્યો છે. રાજ્યમાં કોરોનાથી સાજા થવાનો દર ૯૮.૭૬ પર પહોંચી ચુક્યો છે. તો બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર ખુબ જ મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં આજે ૬,૧૮,૫૧૫ દર્દીઓનું રસીકરણ થયું છે.

## ૧૫મી ઓગષ્ટનો ઓમકાર પાન પાર્લરનો કાર્યક્રમ મોકુફ

ગાંધીનગર તા ૧૪

ગાંધીનગરમાં સે-૨૧ ઓમકાર પાન પાર્લર દ્વારા પ્રતિવર્ષ ૧૫ મી ઓગષ્ટના દિવસે સ્વાતંત્ર પર્વની ઉજવણી કરવામાં આવે છે. જયારે આ વર્ષે કોરોનાની મહામારીની સ્થિતિને ધ્યાનમાં રાખી ઉજવણીનો કાર્યક્રમ મોકુફ રાખવામાં આવ્યો છે. તેમ ઓમકારસિંગ ઠાકુરે જણાંવ્યુ છે.

**સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત**

# મહાનગરપાલિકાઓ-નગરપાલિકાઓ માટે રૂપિયા ૨૫૦ કરોડની ગ્રાન્ટ મંજૂર

ગાંધીનગર, તા. ૧૪

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત રાજ્યની મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓના આઉટગ્રોથ વિસ્તારના વિકાસ માટે રૂપિયા ૨૫૦ કરોડની ગ્રાન્ટની ફાળવણી કરવાની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ૨૫૦ કરોડ રૂપિયાની આ વિશેષ જોગવાઈ માંથી ૨૫ ટકા રકમ એટલે કે ૬૨.૫૦ કરોડ રાજ્યની નગરપાલિકાઓના આઉટગ્રોથ વિસ્તારના વિકાસ માટે તથા ૧૮૭.૫૦ કરોડ મહાનગરપાલિકાઓ માટે ફાળવ્યા છે.

તદઅનુસાર અમદાવાદ મહાનગરપાલિકાને ૭૦.૫૦કરોડ, સુરતને ૫૬.૨૫ કરોડ, વડોદરાને ૨૧ કરોડ, રાજકોટને ૧૮.૭૫ કરોડ, ભાવનગર અને જામનગર પ્રત્યેકને ૭.૫૦ કરોડ, જૂનાગઢને ૩.૭૫ કરોડ તથા ગાંધીનગરને ૨.૨૫ કરોડની સૂચિત ગ્રાન્ટ ફાળવવાની શહેરી વિકાસ વિભાગની દરખાસ્ત મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ મંજૂર કરી છે.

# વેક્સિનેશન માટેનો કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગરની 'મુસ્લિમ એજ્યુકેશન એન્ડ વેલફેર એસોસિએશન' (મેવા) સંસ્થા દ્વારા ગાંધીનગર મહાનગરપાલિકાની આરોગ્ય શાખા અને ઈસ્લામિક કલ્ચરલ ઓફ સોસાયટી, સેક્ટર-૨૪ના સહયોગથી ૧૪ ઓગષ્ટ, શનિવારના રોજ સેક્ટર-૨૪માં આવેલા ઈસ્લામિક કલ્ચરલ ઓફ સોસાયટીના કેમ્પસમાં શહેરના નાગરિકો માટે 'કોવિડ-૧૯ મેગા વેક્સિનેશન કેમ્પ'નું આયોજન કરવામાં આવ્યું હતું. શહેરના ૧૦૧ નાગરિકોએ આ વેક્સિનેશન કેમ્પનો લાભ લીધો હતો.

સંસ્થાના પ્રમુખ ઉસ્માનખાન યુ. રાઠોડ અને સેક્રેટરી એમ.એ. સાબુવાલાની દેખરેખ હેઠળ વેક્સિન કેમ્પની આયોજન સમિતિના કન્વીનર યુનુસસલીમ એસ. સૈયદ અને સભ્યો દિલશાદભાઈ શેખ, મોહમ્મદ ઈઝાદ અન્સારી, યુસુફભાઈ મનસુરી, રોશનશા ફકીર અને શહેનાઝબેન અન્સારી તથા મેવાના અન્ય સભ્યો દ્વારા કેમ્પનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પના આયોજન માટે ગાંધીનગર મહાનગરપાલિકાના હેલ્થ ઓફિસર ડૉ. કલ્પેશ ગોસ્વામી દ્વારા માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યુ હતુ. આ ઉપરાંત આઈસીએસના ઉપપ્રમુખ યુસુફભાઈ પરમાર તેમજ સંસ્થાના સેક્રેટરી અહેસાન મલિક દ્વારા કેમ્પના આયોજનને સફળ બનાવવામાં પ્રોત્સાહનની સાથે સુંદર સહકાર આપવામાં આવ્યો હતો.

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2015 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.

મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮

E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર

ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality

KisaN®

ashirvad

Jaquar experience bathing

DR. FIXIT

TATA STEEL • PIPES • SHEETS

ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,

મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :

સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.

ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬

સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.

ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ